# બીએસએફ દ્વારા કારગિલ વિજય દિવસની ઉજવણી





ગાંધીનગર, તા. ૨૨

બીએસએફ ગુજરાત દ્વારા પ્રતિવર્ષની જેમ આ વખતે પણ ૨૦મી જુલાઈના રોજ કારગિલ વિજય દિવસની ઉજવણી કરવામાં આવી હતી અને શહીદોની શહાદતને યાદ કરવામાં આવી હતી. વિવિધ કાર્યક્રમોનું આયોજન આ ઉપક્રમ નિમિત્તે બીએસએફ દ્વારા કરવામાં આવ્યું હતું. શહીદોની સ્મૃતિમાં પાંચ કિમીની દોડનું આયોજન પણ કરવામાં આવ્યું હતું. બીએસએફ ગુજરાતના આઈજી જી એસ મલિકે આ દોડનો પ્રારંભ કરાવ્યો હતો. ડીઆઈજી આર એસ રાઠોડ આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા. ૧૦૦થી વધુ દોડવીરોએ આ દોડમાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

## જન્મદિને વધામણી



મનીષ ટી ખત્રી
પ્રિન્સિપાલ, પ્રેરણા વિદ્યાલય
મો. ૯૪૨૬૩ ૫૯૫૨૨



દૃષ્ટિ મનીષ ખત્રી
મો. ૯૪૨૬૩ ૫૯૫૨૨



શીતલબેન કે. તરાલ
મો. ૯૮૭૯૯ ૧૫૩૯૧



જૈનિલકુમાર કે. તરાલ
મો. ૯૮૭૯૯ ૧૫૩૯૧

### ગુજરાત યુનિવર્સીટી સંલગ્ન

## પત્રકારત્વના વિદ્યાર્થીઓ દ્વારા મોક વિધાનસભા યોજાઈ



ગુજરાત યુનિવર્સિટીના પત્રકારત્વ વિભાગ દ્વારા મોક વિધાનસભાનું આયોજન કરાયુ હતુ. માસ્ટર ઓફ માસ કોમ્યુનિકેશન અને જર્નાલિઝમના વિદ્યાર્થીઓએ તાદ્રશ વિધાનસભાનું ચિત્રણ રજૂ કર્યુ હતુ. વિદ્યાર્થીઓએ સ્પીકર, મુખ્યમંત્રી, ઉપમુખ્યમંત્રી, વિપક્ષના નેતા સહિતના પાત્રો દ્વારા જીવંત વિધાનસભા રજૂ થઈ હતી. પ્રશ્નકાળ દ્વારા વિદ્યાર્થીઓએ ધારાસભ્ય બની પ્રશ્નો રજૂ કર્યા હતા. આ મોક વિધાનસભામાં મુખ્ય મહેમાન તરીકે વરિષ્ઠ પત્રકાર પદ્મશ્રી દેવેન્દ્ર પટેલ હાજર રહ્યા હતા. દેવેન્દ્રભાઈ દ્વારા વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરી સંસદીય પરંપરાથી વિદ્યાર્થીઓને માર્ગદર્શિત કર્યા હતા. આ સમગ્ર આયોજન પત્રકારત્વ વિભાગના હેડ ડૉ. સોનલ પંડ્યા, અધ્યાપક ભૂમિકાબેન બારોટ અને વિષય તજજ્ઞ પાર્થ પટેલના માર્ગદર્શનથી તૈયાર થયું હતું.

## આરાધના વિદ્યાવિહારમાં 'રેડ ડે'



આરાધના વિદ્યાવિહાર, સૅક્ટર-૨૮ ખાતે રેડ ડેની ઉજવણી તથા ઈંગ્લિશ સ્ટોરી ટેલિંગ ડે સ્પર્ધા યોજવામાં આવી હતી. સૌ વિદ્યાર્થીઓ આ ઉજવણી નિમિત્તે લાલ વસ્ત્રોમાં જોવા મળ્યાં હતાં અને તેઓ પોતાની સાથે લાલ ફળો પણ લાવ્યાં હતાં. સ્ટોરી ટેલિંગ કોમ્પિટીશનમાં વિદ્યાર્થીઓએ વિવિધ પ્રોપ્સ સાથે ભાગ લીધો હતો અને રસપ્રદ અંદાજમાં અવનવી વાર્તાઓ પ્રસ્તુત કરી હતી.

## જીટીયુનાં પરિણામોમાં સૅફીની કૉલેજ ઝળકી



ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટીના સેમેસ્ટર-૪નાં પરિણામોમાં સેફીની ડિપ્લોમા એન્જિનીયરિંગ કોલેજે ગાંધીનગર ઝોનમાં જ્વલંત સફળતા મેળવી છે. ડિપ્લોમા મિકેનીકલ અને સિવિલ એન્જિનીયરિંગમાં અભ્યાસ કરતી વિદ્યાર્થિની તથિ શર્મા અને પ્રાચી પટેલે આ પરીક્ષામાં ૧૦માંથી ૧૦ એસપીઆઈ પ્રાપ્ત કર્યા છે. ડિપ્લોમા કોલેજના પ્રિન્સિપાલ પ્રૉ. એમ એ પટેલે બંને વિદ્યાર્થિનીઓને પુરસ્કાર આપી પ્રોત્સાહિત કરી હતી. ટ્રસ્ટી અને સમગ્ર સંસ્થા પરિવારે બંને વિદ્યાર્થિનીઓને બિરદાવી અભિનંદન પાઠવ્યા હતા.



શ્રી સ્વામિનારાયણ નૂતન મંદિરની ચેસપીક સેન્ટર વર્જિનિયા ખાતે પ્રાણપ્રતિષ્ઠા કરવામાં આવી હતી. ૪૨૦૧ ડોક રોડ પર સ્થિત નૂતન મંદિરની પ્રાણપ્રતિષ્ઠા દરમિયાન ધાર્મિક, સાંસ્કૃતિક તથા શાંતિનો પ્રચાર થાય તે માટેના કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે દુનિયામાંથી લાખો લોકો પધાર્યા હતા. વર્લ્ડ પીસ એમ્બેસેડર આચાર્ય પુરુષોતમપ્રિયદાસજી મહારાજની અધ્યક્ષતામાં આ માટે એક સમારોહ યોજવામાં આવ્યો હતો.



શારીરિક શિક્ષણ અને રમત વિજ્ઞાન વિદ્યાશાળા, ગુજરાત વિદ્યાપીઠ, સાદરાની રાષ્ટ્રીય સેવા યોજના એકમ દ્વારા વિશ્વ વસતી શિક્ષણ સપ્તાહની ઉજવણીનું આયોજન હાથ ધરવામાં આવ્યું હતું. સાથે સાથે સંસ્થા દ્વારા આયોજિત પ્રથમ ક્રોસ કન્ટ્રી સ્પર્ધાનાં પ્રમાણપત્રનો વિતરણ કાર્યક્રમ પણ યોજવામાં આવ્યો હતો. ભાઈઓના વર્ગમાં પ્રથમ સ્થાન નોકતા ભીલાલા અને બહેનોના વર્ગમાં પ્રથમ સ્થાન ચેન્દરી જાદવે પ્રાપ્ત કર્યું હતું. ઉદ્‌ઘાટન પ્રસંગે રમેશભાઈ પટેલે મુખ્ય અતિથિ તરીકે હાજરી આપી હતી.

## અશ્વિનભાઈ એ પટેલ કૉમર્સ કૉલેજના વિદ્યાર્થીઓ ફિઝીકલ ફિટનેસ કૅમ્પમાં




ગાંધીનગર, તા. ૨૨

અશ્વિનભાઈ એ પટેલ કૉમર્સ કૉલેજના સ્પોર્ટ્સ વિભાગ દ્વારા ખેલાડીઓ માટે દસ દિવસીય ફિઝીકલ ફિટનેસ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. વર્ષ ૨૦૧૯-૨૦ દરમિયાન વિવિધ સ્પર્ધાઓમાં ભાગ લેવા માગતા તમામ ખેલાડીઓને આ કેમ્પમાં સામેલ કરવામાં આવ્યા હતા. ૧૨૦ ભાઈઓ અને ૬૭ બહેનોએ આ કૅમ્પમાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

આ તાલીમ વિદ્યાર્થીઓને કૉલેજના ફિઝીકલ એજ્યુકેશનના અધ્યાપક ડૉ. રણછોડ રથવી દ્વારા આપવામાં આવી હતી. તેમણે વિદ્યાર્થીઓને વિવિધ રમતોમાં શ્રેષ્ઠ પરફોર્મન્સ માટે શુભકામનાઓ પણ પૂરી પાડી હતી. પ્રિન્સિપાલ ડૉ. વિજ્ઞા ઓઝાએ આ સફળ કૅમ્પ બદલ સૌ ખેલાડીઓને બિરદાવી તેમને અભિનંદન સહ શુભકામનાઓ પાઠવી હતી.








ભારતીય વિદ્યા ભવન અને ઈન્ફોસીસ ફાઉન્ડેશન દ્વારા ''આઉટરીચ કલ્ચરલ પોગ્રામ'' શ્રેણી અંતર્ગત, ગુરુપૂર્ણિમાના પાવન પર્વને અનુરૂપ એક નવતર કાર્યક્રમનું આયોજન ''ગુરુવર દર્શન વીરલા પામે...'' શીર્ષક સાથે કરવામાં આવ્યું હતું. ગુરુપૂર્ણિમાના પવન પર્વની સ્મૃતિમાં ગુજરાતના જાણીતા નૃત્યકાર એવા ભરત બારીયા, અક્ષય પટેલ તથા નૃત્યાવલીના કલાકાર રવિતા બારીયા, મીનાક્ષી પટેલ, હિમલ ચિતારા, યશ બારીયા દ્વારા નૃત્ય વંદના કરવામાં આવી હતી. ગુરુમહિમા વર્ણવતા પદ અને બીજા અલગ-અલગ પદોની સુંદર રજૂઆત દ્વારા તમામ ગુરુજનો તેમજ ગુરુતુલ્ય શ્રેષ્ઠીઓને યાદ કરીને વિવિધ પદોને ગીતો ને નૃત્યમાં ઢાળી શાસ્ત્રીય તથા લોકનૃત્યની રજૂઆત કરવામાં આવી હતી. જેમાં ફાયર ફ્યુઝન, વોટર ડાન્સ, માનો રોજો, મારવાડી નૃત્ય, ગરબા અને ગુરુમાં તમે પ્યારા છો જેવી કૃતિઓ રજૂ થઈ હતી. કાર્યક્રમના અંતે પ્રેક્ષકો દ્વારા સ્ટેન્ડિંગ ઓવેશન પ્રાપ્ત થયું હતું. રવિવારે રાત્રે ભવન્સ જે.એ હોલમાં પ્રસ્તુત થયેલ આ કાર્યક્રમ જાહેર જનતા માટે તદન નિશુલ્ક યોજવામાં આવ્યો હતો.

## હુલ્લડનો અનુભવ

દક્ષિણમાં થોડી મુસાફરી કરી એપ્રિલની ચોથીએ ઘણે ભાગે મુંબઈ પહોંચ્યો. છઠ્ઠી ઊજવવા મારે મુંબઈ હાજર રહેવું એવો શ્રી શંકરલાલ બેંકરનો તાર હતો.

પણ તે પહેલાં દિલ્હીમાં તો હડતાળ ૩૦મી માર્ચે ઊજવાઈ હતી. દિલ્હીમાં સ્વ. શ્રધ્ધાનંદજી અને મરહૂમ હકીમસાહેબ અજમલખાનની આણ ચાલતી હતી. છઠ્ઠી તારીખ સુધી હડતાળની મુદત લંબાયાના ખબર દિલ્હી મોડા પહોંચ્યા હતા. દિલ્હીમાં તે તારીખે હડતાળ પડી તેવી કદી પૂર્વે પડી જ નહોતી. હિંદુ અને મુસલમાન બન્ને એકદિલ થવા લાગ્યા. શ્રધ્ધાનંદજીને જુમામસ્જિદમાં નોતરવામાં આવ્યા હતા ને ત્યાં તેમને ભાષણ કરવા દેવામાં આવ્યું હતું. આ બધું સત્તાવાળાઓ સહન નહોતા કરી શક્યા. સરઘસ રેલવે સ્ટેશન તરફ જતું હતું તેને પોલીસે રોકેલું. પોલીસે ગોળીબાર કરેલા. કેટલાક લોકો જખમી થયા. કંઈ ખૂન થયાં. દિલ્હીમાં દમનનીતિ શરૂ થઈ. શ્રધ્ધાનંદજીએ મને દિલ્હી બોલાવ્યો. મેં છઠ્ઠી ઊજવી તરત દિલ્હી જવા વિષે કર્યો હતો.

જેમ દિલ્હી તેમ જ લાહોર અમૃતસરનું હતું. અમૃતસરથી દા. સત્યપાલ અને કિચલુના તાર મને ચાંપીને બોલાવવાના હતા. આ બે ભાઈઓને હું તે વેળા મુદ્દલ જાણતો નહોતો. પણ ત્યાંયે દિલ્હી થઈ જવાનો નિશ્ચય જણાવ્યો હતો.

છઠ્ઠીએ મુંબઈમાં સવારના પહોરમાં હજારો લોકો ચોપાટીમાં સ્નાન કરવા ગયા ને ત્યાંથી માધવબાગ જવા સરઘસ નીકળ્યું. તેમાં સ્ત્રીઓ અને બચ્ચાં પણ હતાં. સરઘસમાં મુસલમાનોએ પણ સારી સંખ્યામાં ભાગ લીધો હતો. આ સરઘસમાંથી અમને મુસલમાન ભાઈઓ એક મસ્જિદે લઈ ગયા. ત્યાં શ્રી સરોજિની દેવી પાસે ને મારી પાસે ભાષણ કરાવ્યાં. અહીં શ્રી વિઠ્ઠલદાસ જેરાજાણીએ સ્વદેશીની અને હિંદુમુસલમાન ઐક્યની પ્રતિજ્ઞા લેવરાવવાની સૂચના કરી. મેં એવી ઉતાવળથી પ્રતિજ્ઞા લેવરાવવાની ના પાડી. જેટલું થઈ રહ્યું હતું એટલેથી સંતોષ માનવાની સલાહ આપી. પ્રતિજ્ઞા લીધા પછી ન તૂટે. સ્વદેશીનો અર્થ આપણે સમજવો જોઈએ. હિંદુમુસલમાન ઐક્યની જોખમદારીનો ખ્યાલ રહેવો જોઈએ વગેરે કહ્યું, ને સૂચવ્યું કે જેને પ્રતિજ્ઞા લેવાનો વિચાર હોય તે ચોપાટીના મેદાન ઉપર ભલે બીજી સવારે હાજર થાય.

150 ગાંધીયાત્રા

મુંબઈની હડતાળ સંપૂર્ણ હતી.

અહીં કાયદાના સવિનય ભંગની તૈયારી કરી મૂકી હતી. ભંગ થઈ શકે એવી બે ત્રણ વસ્તુઓ હતી. જે કાયદાઓ રદ થવા લાયક હતા એવા અને જેમનો ભંગ બધા સહેલાઈથી કરી શકે એવા હતા તેમાંથી એકનો જ ઉપયોગ કરવો એવો ઠરાવ હતો. મીઠાના કરને લગતો કાયદો અળખામણો હતો. તે કર નાબૂદ થવા સારુ ઘણા પ્રયત્ન થઈ રહ્યા હતા. એટલે બધા પરવાના વિના મીઠું પોતાના ઘરમાં પકાવે એવી એક સૂચના મેં કરી હતી. બીજી સૂચના સરકારે પ્રસિધ્ધ થતાં અટકાવેલાં પુસ્તકો છપાવવા વેચવા બાબત હતી. આવાં બે પુસ્તકો મારાં જ હતાં: 'હિંદ સ્વરાજ' અને 'સર્વોદય'. આ પુસ્તકો છપાવવાં વેચવાં સહુથી સહેલો સવિનય ભંગ લાગ્યો. તેથી એ છપાવ્યાં ને સાંજનો ઉપવાસ છૂટ્યા પછી ને ચોપાટીની જંગી સભા વિસર્જન થયા પછી વેચવાનો પ્રબંધ થયો.

સાંજના ઘણા સ્વયંસેવકો આ પુસ્તકો વેચવા નીકળી પડ્યા. એક મોટરમાં હું નીકળ્યો ને એકમાં શ્રી સરોજિની નાયડુ નીકળ્યાં. જેટલી નકલો છપાવી હતી તેટલી ખપી ગઈ. આની કિંમત વસૂલ થાય તે લડતના ખર્ચમાં જ વાપરવાની હતી. દરેક નકલની કિંમત ચાર આના રાખવામાં આવી હતી. પણ મારા હાથમાં કે સરોજિની દેવીના હાથમાં ભાગ્યે કોઈએ ચાર આના મૂક્યા હોય. પોતાના ખીસામાં જે હોય તે ઠલવીને નકલો લેનારા ઘણા નીકળી પડ્યા. કોઈ દશ રૂપિયાની ને કોઈ પાંચની નોટ પણ આપતા. રૂપિયા ૫૦ની નોટ સુધી પણ એક નકલના મળ્યાનું મને સ્મરણ છે. લોકોને સમજાવવામાં આવ્યું હતું કે, લેનારને પણ જેલનું જોખમ છે. પણ ઘડીભર લોકોએ જેલનો ભય છોડ્યો હતો.

સાતમી તારીખે માલૂમ પડ્યું કે, જે ચોપડીઓ વેચવાનો સરકારે પ્રતિબંધ કર્યો હતો તે સરકારની દ્રષ્ટિએ વેચાઈ ન ગણાય. જે વેચાઈ તે તો તેની બીજી આવૃતિ ગણાય. જપ્ત થયેલી ચોપડીઓમાંની તે ન ગણાય. (ક્રમશ:)

'સત્યના પ્રયોગો'માંથી સાભાર